# મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતેના ઉનાળું ઋતુના શાકભાજી પાક સંવર્ધનના અખતરાઓનું મોનીટરીંગ

ગુજરાત રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટીના મુખ્ય કેન્દ્રો તથા પેટા કેન્દ્રો ખાતે તાંત્રિક કાર્યક્રમ મુજબના જુદા જુદા શાકભાજીમાં પાક સંવર્ધનના અખતરાઓ લેવામાં આવે છે. વિવધિ કેન્દ્રો ખાતે લેવામાં આવેલ અખતરાઓનું સુચારુ આયોજન અને મોનિટરીંગ માટે જુદી જુદી ઋતુમાં ક્રમાનુસાર દરેક કેન્દ્રની જવાબદારી નકકી કરવામાં આવેલ હોય છે. તે અંતર્ગત મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આકૃયુ, આણંદ ખાતેના ઉનાળું ઋતુમાં લેવામાં આવેલ અખતરાઓના મોનીટરીંગ અર્થે શાકભાજી સંશોધન યોજના, સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગરના ડૉ. એન. બી. પટેલ, (સહ પ્રાધ્યાપક), ડૉ. એન. વી. સોની, (મદદનશી પ્રાધ્યાપક), ડૉ. કે. એન. પ્રજાપતિ (મદદનીશ પ્રાધ્યાપક) દ્વારા **તા.૧૮/૦૫/૨૦૨૪** ના રોજ રાજય કક્ષાના ઉનાળું ઋતુના ભીંડા, ચોળી, દૂધી, કારેલા, કાકડી અને રીંગણ પાકના અખતરાઓનું મોનીટરીંગ કરેલ. સૌ પ્રથમ મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રના વડાશ્રી ડૉ. આર. આર. આચાર્ય, સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી) દ્વારા મોનીટરીંગ અર્થે આવેલ સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકશ્રીઓનું સ્વાગત કરેલ તેમજ કેન્દ્ર ખાતે ઉનાળું ઋતુમાં લેવામાં આવેલ રાજય કક્ષાના શાકભાજી પાકોના અખતરાઓની વિસ્તૃત માહિતી આપેલ. મોનીટરીંગ ટીમમાં આણંદ કેન્દ્રના ડૉ. સી. કે. બોરડ, ડૉ. એન. એ. પટેલ, ડૉ. એમ. એમ. પંડયા અને શ્રી કે. જે. વેકરીયા વગેરે વૈજ્ઞાનિકશ્રીએ ભીંડા પાકના બે, ચોળી, દૂધી, કારેલા, કાકડી અને રીંગણ પાકના એક આમ કુલ ૭ રાજય કક્ષાના અખતરાઓનું મોનીટરીંગ કરેલ.





